**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૦ ટકા

# પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ હવે હરગીઝ નહીં

## પુલવામા ખાતેના આતંકી હુમલા પછી ભારતમાં આક્રોશના પગલે આગામી ક્રિકેટ વર્લ્ડકપમાં પાકિસ્તાન સામેની મેચનો બહિષ્કાર કરવા ક્રિકેટ રસિકોની ભાવના

ગાંધીનગર, તા.૨૩

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં અવંતિપોર ખાતે ગત તા. ૧૪મી ફેબ્રુઆરીના રોજ થયેલા અત્યંત ઘૃણાસ્પદ ઘાતકી આતંકી હુમલામાં શહીદ થયેલા ભારતીય વીર જવાનોના પગલે દેશભરમાં આક્રોશની જવાલાઓ ભડકે બળે છે. આ આતંકવાદી હુમલાની જવાબદારી પાકિસ્તાન સ્થિત જૈશે-મોહમ્મદ નામના ત્રાસવાદી સંગઠને લીધી છે જેના પગલે ભારતીય જનતામાં પાકિસ્તાન સામે આ હિચકારા કૃત્યનો બદલો લેવાની માંગ પ્રબળ બનવા પામી છે. આ સાથે વર્ષોથી આ પ્રકારના કૃત્યો થકી ભારત જેવા ઉદારમતવાદી દેશને સતત કનડતા પાકિસ્તાનને પાઠ ભણાવવા તેની સાથેના તમામ સંબંધો કાપી નાંખવા દેશવાસીઓ સરકાર પાસે અપેક્ષા રાખી રહ્યા છે. ભારત પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ પણ એક યુધ્ધ સમાન બની રહેતી હોય છે અને આગામી ક્રિકેટ વિશ્વકપમાં ભારત-પાકિસ્તાન ટકરાવાના છે ત્યારે દેશભરમાં ચર્ચા ચાલી છે કે ભારતે પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ રમવી જોઈએ કે નહીં? અત્યંત સંવેદનશીલ એવા આ મુદ્દે મોટા ભાગના નાગરિકોએ આ બાબતે ખુલ્લા દિલથી પોતાનો મત વ્યકત કરતા પાકિસ્તાન સાથેની મેચનો બહિષ્કાર કરવો જોઈએ તેમ જણાવ્યું હતું.

● ક્રિકેટ મેચ એ બંને



દેશોની ભાવના સાથે રમાય છે અને તેમાં હાર-જીત પણ હોય છે પરંતુ આપણા જવાનો પર જે આકસ્મિક હુમલા થાય છે તેનાથી આપણને જે નુકશાન થાય છે તેથી મેચ ના રમવી જોઈએ. આ રીતે આપણે વિશ્વમાં સંદેશો મોકલવો જોઈએ કે પાકિસ્તાન તેના વ્યવહારમાં નથી.

**- ભાવેશભાઈ પટેલ**

● દેશભરમાં પાકિસ્તાન



વિરુધ્ધ આક્રોશ છે અને ભારતીય ક્રિકેટ ટીમ તેની સાથે ક્રિકેટ મેચ રમે તે કેવી રીતે ચાલે? પુલવામાં હુમલા બાદ શુટિંગ વર્લ્ડકપ માટે ભારતીય પ્રસાશને પાકિસ્તાનના શૂટરોને વીઝા આપ્યા નથી જે જરુરી હતું. હવે એ બાજુ આપણા જવાનો શહીદ થતા હોય ત્યારે ભારતીય ક્રિકેટરો પાકિસ્તાન સાથે મેચ રમે તે યોગ્ય નથી કેમ કે ભારતમાં ફિલ્મ સ્ટારોની જેમ ક્રિકેટરોના પ્રસશંકો ખૂબ જ વધુ છે જેઓ તેમનું અનુકરણ પણ કરતા હોય છે.

**- શિવાની મોડિયા, ગાંધીનગર**

● રમતગમત, કળા અને સાહિત્ય માનવીના મનોરંજન



માટે હોય છે, પરંતુ જયારે દુશ્મન સામે અસ્તિત્વનો જંગ હોય ત્યારે તમામ પાસાએ યુધ્ધ થવું જરુરી છે. આ યુધ્ધમાં દંડ પણ થાય, ખેલાડીઓને નુકસાન પણ થાય પરંતુ ભારતે પાકિસ્તાન સાથે ક્રિકેટમાં પણ બહિષ્કાર કરવો જ જોઈએ.

**- ધર્મેન્દ્ર ત્રિવેદી, વિદ્યાર્થી કેએસવી જર્નાલિઝમ**

● દેશના સૈનિકો પર વારંવાર થતા હુમલા અને પાકિસ્તાન તરફી આતંકવાદી



પ્રવૃત્તિઓના વર્ષોના અનુભવોને ધ્યાને લઈને ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાન સામેની વર્લ્ડકપની મેચનો બહિષ્કાર કરવો એ જ આપણા દેશની સુરક્ષા કરતા જવાનો તરફ હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલિ હશે.

**- ધર્મેન્દ્ર સુથાર, ઓટોમોબાઈલ એન્જિનીયર, ગાંધીનગર**

● વર્તમાન સમયમાં દેશના દરેક નાગરિકે, ભારતના સૈનિકોની સાથે રહેવાનો છે. આગામી વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામેની મેચનો બહિષ્કાર કરીને બોર્ડર પર રહેલા સૈનિકને મોરલ સપોર્ટ પુરો પાડવાનો છે. રમત ગમતને દેશના પ્રશ્નો સાથે સાંકળવી ન જોઈએ તેમ કહેનારા મુર્ખ છે.

**- ઉમંગ રાવલ**

● દેશપ્રેમ બતાડવા અને



પાકિસ્તાનને એની ઔકાત બતાવવા માટે પાકિસ્તાન સાથે વર્લ્ડ કપ ના રમવો જોઈએ. એક બાજુ સરહદ પર આપણા જવાનો પર હુમલા થાય એ દેશ સાથે મનોરંજનના ભાગરૂપે રમત કેમ રમાય? દુનિયાને પણ એક સંદેશો આપી શકાય કે દુશ્મન દેશ સાથે ભારત કોઈ પણ પ્રકારનો સંબંધ સ્થાપવા માંગતો નથી.

**- પૂજાબેન રાવલ**

● પાકિસ્તાનને વર્લ્ડકપમાં રમાડવું ના જોઈએ કારણ કે હમણાં જ એક પુલવામા ના એટેકમાં આપણા દેશના ૪૦ જવાન શહીદ થઈ ગયા છે પાકિસ્તાની આતંકીઓના કારણે જેથી આવા ખુની દેશને રમતગમતમાં સ્થાન જ આપવું જોઈએ નહિ.

**- યાત્રી પટેલ**

● ભારત ફકત કાળ સ્પીરીટ પર જગવતો દેશ નથી. ભારત દરેક ક્ષેત્ર સાથે સંકળાયેલ છે માટે હું ભારતના નાગરિક તરીકે માનું છું કે પાકિસ્તાનના નાપાક કૃત્યથી આપણી સેના ને સહન કરવું પડયું છે તો પાકિસ્તાનનો દરેક ક્ષેત્રે આપણે બહિષ્કાર કરવો જોઈએ અને વર્લ્ડકપમાં ભારતે પાકિસ્તાન સાથે ક્રિકેટ ન જ રમવી જોઈએ.

**- દિક્ષિત નિલકંઠ**

● ભારતીય ખેલાડીઓએ ખેલદિલીને મહત્વ



ના આપીને દેશની સુરક્ષા અને શહીદ ૪૪ જવાનોના જે લોહી રેડાયા છે એને ધ્યાનમાં લઈને સંપૂર્ણપણે ખેલમાં પણ તેનો બહિષ્કાર કરવો જોઈએ.

**- મનન વ્યાસ**



● આપણે જો વાત કરીએ તો ભારતીય ખેલાડીઓએ દેશદાઝની ભાવના રાખીને અને સંપૂર્ણપણે પાકિસ્તાનનો વિરોધ કરીને વર્લ્ડકપ ના જ રમવો જોઈએ તેવી માંગ કરી પાકિસ્તાનને પાઠ ભણાવવો જોઈએ.

**- ઋત્વી વ્યાસ**

● ક્રિકેટ વિશ્વકપ એ



ભારત-પાકિસ્તાનની વચ્ચે સિમીત નથી, પુલવામા ખાતે થયેલ હુમલાનો બદલો આપણે ક્રિકેટ મેચ રમીને અને પાકિસ્તાન સામે જીતીને બદલો લઈ શકીએ છીએ. અને જે જીતનો શ્રેય શહીદ જવાનોને આપીને 'ગેમ મસ્ટ ગો ઓન' ના સુત્રને સાર્થક કરીને ખેલદીલી પૂર્વક જડબાતોડ જવાબ આપી શકીએ છીએ.

**- દિવ્ય ત્રિવેદી**

● વિશ્વકપમાં ભારત પાકિસ્તાનની મેચ ના રમાવી જોઈએ. તેનાથી ભલે



ભારતને અંકનું નુકશાન જશે પણ વિશ્વકક્ષાએ થાપ ઉભી થશે કે ભારત ત્રાસવાદ-આતંકવાદથી કેટલું ત્રાહિત થઈ ગયું છે. અને તેનાથી શહિદ જવાનોના પરિવારને પણ એક માનસિક શાંતિ મળશે કે તમામ દેશનો નાગરિક અમારી સાથે ઉભો છે.

**- પ્રતિપાલ સિંહ**

# ધોળાકુવામાં મંદિરની પાછળ દારૂ વેચતો લિસ્ટેડ બુટલેગર પકડાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરને અડીને આવેલા ધોળાકૂવા ગામનો લિસ્ટેડ બુટલેગર મુકેશ આ જ ગામના મંદિરની પાછળ ખુલ્લેઆમ વિદેશી દારૂ વેચી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને આ બુટલેગરને સાત બોટલ સાથે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ પેથાપુર પોલીસે બાતમીને આધારે પેથાપુરમાં રહેતા બુટલેગરના મકાનમાં દરોડો પાડીને મકાનની ઓસરીમાંથી વિદેશી દારૂની ચાર બોટલ પકડી પાડી હતી. નવાઈની વાત એ છે કે આ બુટલેગરના મકાનમાંથી મળેલી દારૂની બોટલ પર 'For sale in defence personal use only' લખેલું છે. એટલે કે આ દારૂની બોટલ ડિફેન્સના કોટામાંથી આવી હોવી જોઈએ. બુટલેગર પાસે આ દારૂની બોટલ ડિફેન્સમાંથી આવી કે તે ડિફેન્સનો નકલી લોગો-સિક્કો લગાવીને વેચતો હતો તે સહિતની તપાસ શરૂ કરવામાં આવી છે.

ઈન્ફોસિટી પોલીસ મથકની ટીમ ગઈકાલે મોડી સાંજે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે ધોળાકુવા ગામનો લિસ્ટેડ બુટલેગર મુકેશ ગણેશ ઠાકોર ધોળાકૂવા ગામમાં આવેલા ચંચળ માતાજીના મંદિરની પાછળ ઝાડીઓમાં ખુલ્લેઆમ દારૂ વેચી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ઝાડીઓમાં દારૂ વેચી રહેલા મુકેશ ઠાકોરને ૭ નંગ વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડ્યો હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરીને મુકેશની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે. તો બીજી તરફ પેથાપુર પોલીસ મથકની ટીમને બાતમી મળી હતી કે પેથાપુરના પ્રતાપનગર ખાતે રહેતો લિસ્ટેડ બુટલેગર ભરત તેજુસિંહ વાઘેલા હજુ દારૂનો ધંધો કરે છે અને તેના ઘરે દારૂની બોટલો પડી છે. બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે તેના ઘરે દરોડો પાડીને અગાસીમાં તપાસ કરતા અંદરથી ચાર બોટલ દારૂની મળી આવી હતી. ડિફેન્સના સિક્કા સાથેની મળી આવેલી આ બોટલો કબજે કરીને પેથાપુર પોલીસે ભરત વાઘેલાની ધરપકડ કરી પૂછપરછ કરતા તેણે પ્રાથમિક નિવેદન આપ્યું છે કે સેક્ટર-૩૦ માં રહેતા કૃણાલ કરણ રાઠોડ નામના શખ્સ પાસેથી આ બોટલ લીધી હતી. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

## સંદેશાત્મક ગીત સંગીત કાર્યક્રમ યોજાશે

ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી તથા વૃન્દાવન સ્વીટસ ગાંધીનગરના સહયોગથી સ્મિત મ્યુઝિક દ્વારા 'આવો આવો વ્યસન ભગાવો' સંદેશાત્મક ગીત સંગીત કાર્યક્રમ તા. ૫મી માર્ચના રોજ રાત્રે ૯ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

સ્મિત મ્યુઝિક દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં સંગીત સહ ત્રણ વૈશ્વિક સમસ્યાઓ પર મૌલિક વાતોનું પ્રેઝન્ટેશન કરવામાં આવશે. કાર્યક્રમમાં કલ્ચરલ ફોરમના પ્રમુખ તથા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના ચેરમેન પંકજભાઈ ભટ્ટ, સચિવ જયોતિષ ભટ્ટ તથા શેઠ સી.એમ. હાઈસ્કુલના પ્રિન્સીપાલ અને જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ સાથે અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહેશે. સંસ્થા દ્વારા નગરજનોને કાર્યક્રમ માણવા ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# શહીદ પરિવારોને મદદરૂપ થવા સ્ટોલ કર્યો




ગાંધીનગરના નાગરિકો દ્વારા કાશ્મીરના પુલવામા આંતકી હુમલામાં શહીદ વીર જવાનો પ્રત્યે વિવિધ રીતે સંવેદના વ્યકત કરવામાં આવી રહી છે. શહેરના સેકટર-૮ની કેટલીક મહિલાઓ દ્વારા પોતાના ઘરે વિવિધ વાનગી બનાવી તેને વેચવા માટે સ્ટોલ શરુ કરાયો છે અને આ સ્ટોલમાંથી થનારી આવક શહીદ પરિવારોને 'ફુલ નહીં તો ફુલની પાંખડી' સમ ન્યાયે મદદરુપ થવાના આશયથી મોકલી આપવાનો નિર્ધાર કર્યો છે. મહિલાઓના આ પ્રયાસને રહીશો દ્વારા બિરદાવવામાં આવી રહ્યો છે.

# વાવોલના સોસાયટી વિસ્તારમાં માતૃભાષા દિવસની ઉજવણી

## દ્વારકેશ રેસીડેન્સી ખાતે વિવિધ સોસાયટીના બાળકો માટે જોડકણાં-કવિતા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના વાવોલ ખાતે તા. ૨૧મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે દ્વારકેશ રેસીડન્સી ખાતે અનોખી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં વાવોલની અંદાજે સાત જેટલી સોસાયટીના બાળકોએ જોડકણાં-ગીત સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત આ સોસાયટીમાં રહેતા વર્તમાન અને પૂર્વ શિક્ષકોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

વાવોલની દ્વારકેશ રેસીડન્સી ખાતે આયોજિત માતૃભાષા દિવસની ઉજવણી કાર્યક્રમમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહ તથા ગાંધીનગરના જાણીતા ગઝલકાર કિશોર જીકાદરા મુખ્ય મહેમાન પદે તેમજ સ્પર્ધાના નિર્ણાયક પદે ઉપસ્થિત રહ્યા હતા. રાત્રે ૯.૦૦ કલાકે સોસાયટીના નવરાત્રિ ચોકમાં આયોજિત કાર્યક્રમમાં જુનિયર કેજીથી લઈને ધોરણ-૮ સુધીના બાળકોએ વિવિધ કેટેગરીમાં ભાગ લઈ ગુજરાતી ભાષાના જોડકણાં, કવિતાઓ, ભકિત ગીતો તથા લોકગીતો પ્રસ્તુત કરી ઉપસ્થિત દર્શકોને આનંદિત કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત વર્તમાન તથા પૂર્વ શિક્ષકોનું અભિવાદન કરાયું હતું. સ્પર્ધા બાદ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહે ઉપસ્થિત રહીશોને પોતાના બાળકોને માતૃભાષામાં ભણાવવાનું મહત્વ સમજાવ્યું હતું. ગઝલકાર કિશોર જીકાદરાએ 'સોસાયટી કક્ષાએ માતૃભાષા દિવસની ઉજવણીના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે તે દર્શાવે છે કે ગુજરાતી ભાષા સલામત છે' તેવો આશાવાદ વ્યકત કર્યો હતો. કાર્યક્રમના સમાપને ધ્રુવેશ મહિયાએ લોકગીતો, છંદ અને દુહાની રમઝટ બોલાવી હતી. સોસાયટીના વરિષ્ઠ નાગરિક પરિક્ષિત જહાએ આભારદર્શન વ્યકત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન સંજય પંડયા, હેમાબેન પટેલ તથા આનંદીબેન ત્રિવેદીએ અલગ અલગ તબક્કે કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે દ્વારકેશ રેસીડેન્સી તથા વાવોલ વિસ્તાર વિકાસ સમિતના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી. સ્પર્ધામાં વિજેતા સહિત ભાગ લેનાર બાળકોને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. અંતમાં પુલવામાના શહીદોને કેન્ડલ લાઈટમાં મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.






### જોડકણાં-કવિતા સ્પર્ધાના વિજેતાઓ

● જુ.કેજીથી ધો-૨ સુધી
પ્રથમ ક્રમાંક - કુલદીપ સુર્યવંશી
દ્વિતિય ક્રમાંક - હિતાંશુ નાયક
તૃતીય ક્રમાંક - હર્ષ પ્રજાપતિ

● ધો-૩ થી ધો-૫ સુધી
પ્રથમ ક્રમાંક - ક્રિશ્ના રાઠોડ
દ્વિતિય ક્રમાંક - જૈવલ ભટ્ટ
તૃતીય ક્રમાંક - ભવ્ય પ્રજાપતિ

● ધો-૬ થી ધો-૮ સુધી
પ્રથમ ક્રમાંક - ઋષિ પટેલ
દ્વિતિય ક્રમાંક - હની નાયક
તૃતીય ક્રમાંક - રાજીવ સોની

## @ગાંધીનગર

● મનોરંજન મ્યુઝિકલ સ્ટુડીયો કુડાસણ દ્વારા આજે સાંજે ૫.૩૦ કલાકે 'મેરી આવાઝ સુનો' (કરાઓકે કલબ) દેશ ભકિતના ગીતોનો કાર્યક્રમ યોજાશે.

● આપણું ફાઉન્ડેશન દ્વારા 'સમી સાંજ' લાઈવ ગરબા, લાઈવ કોન્સર્ટ સાંજે ૬ કલાકે ઘ-૫ સ્થિત ઓપન થિએટર ખાતે યોજાશે.

● માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા શિક્ષક અભિવાદન કાર્યક્રમ બપોરે ૩.૩૦ કલાકે ડૉ. પી.સી. વૈદ્ય ઓડિટોરિયમ સે-૧૫ સ્થિત આઈઆઈટીઈ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સે-૧૬ સ્થિત બ્રહ્મભવનમાં સવારે ૧૦.૧૫ કલાકે સમૂહ યજ્ઞોપવિત સમારોહ યોજાશે.

## સંસ્કાર ગ્રુપ દ્વારા બાળકો માટે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

સંસ્કાર ગ્રુપ દ્વારા તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ બાળકો માટે જ્ઞાન કસોટી અને મારી આવડત એમ બે કાર્યક્રમ યોજવામાં આવશે. સે-૭ના બગીચામાં સાંજે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન આ કાર્યક્રમમાં જ્ઞાનકસોટી અંતર્ગત વન્યજીવો, દેશ-વિદેશ, ગાંધીનગરની વિશેષતા જેવા વિષયો પર પ્રશ્નોત્તરી સાથે રમતો રમાડાશે આ ઉપરાંત મારી આવડત કાર્યક્રમ અંતર્ગત બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવી વિકસાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

## ગાંધી મિત્ર વર્તુળની ૨૫મીએ બેઠક

ગાંધીનગર, તા.૨૩

ગાંધી મિત્ર વર્તુળની ચાલુ માસની બેઠક તા. ૨૫મી ફેબ્રુઆરી સોમવારે સાંજે સાડા ચાર કલાકે વરિષ્ઠ ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને પ્લોટ નં. ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ગાંધીનગર ખાતે મળશે.

બેઠકમાં ગાંધી સાહિત્યનુ વાંચન તથા ગાંધી સાર્ધ શતાબ્દી કાર્યક્રમની ચર્ચા કરવામાં આવશે તેમ સુમંતભાઈ શાહ કન્વીનરશ્રી ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરે જણાવેલ છે.

## વયોવૃદ્ધ પેન્શનરો માંગણીઓ માટે ગુરુવારે આવેદન પત્ર પાઠવશે

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મહામંડળ ૨૭૨ તાલુકા-જિલ્લાના મંડળો જોડાણ ધરાવે છે. જેમાં ૪ લાખ સભ્યો છે. પેન્શનરોના વણ ઉકલ્યા પ્રશ્નોની વારંવાર રજુઆત કરવા છતાં સરકારશ્રીએ ઉકેલ્યા નથી જેથી પેન્શનરોમાં દુઃખની લાગણી સાથે આક્રોશ-નારાજગી ફેલાઈ છે.

મહામંડળ પંદરથી વીસ વર્ષથી સક્રિય છે. છતાં પેન્શનરોના પ્રશ્નોની માંગણીઓ વિષે આંદોલનો દેખાવો રેલીઓ કરી નથી. પરિણામે સરકારશ્રી પેન્શનરોના પ્રશ્નોનો નિકાલ કરતી ન હોવાનું લાખો જણાતા નિવૃત્ત કર્મચારીઓમાં આક્રોશ ફેલાયેલ છે.

નિવૃત્ત કર્મચારી મહામંડળની સંકલન સભામાં નક્કી કર્યા પ્રમાણે તા. ૨૮મી ફેબ્રુઆરીએ ગુજરાતના તમામ જિલ્લા કલેકટરશ્રીઓને આવેદનપત્ર જિલ્લાવાર પાઠવશે જે મુખ્યમંત્રીને મોકલી આપવામાં આવશે. કલેકટરશ્રીને આવેનદપત્ર આપવા વધુમાં વધુ પેન્શનરો હાજર રહે તે માટે મંડળે અનુરોધ કરેલ છે.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ મોતીભાઈ વાણીયા, ઉ.વ. ૭૨
- સ્વ. શકરીબેન સોમચંદ શાહ, ઉ.વ. ૯૧
- સ્વ. પટેલ શાંતાબેન બાબુભાઈ, ઉ.વ. ૫૮
- સ્વ. કાન્તાબેન કેશવલાલ પ્રજાપતિ, ઉ.વ. ૬૦